આપણું બોલેલું કદાચ સારૂ કામ ન કરી શકે.. પણ, આપણું સારૂં કામ હંમેશા સારૂં બોલી જશે
- ધર્મસૂત્ર

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૨૫૬ | ૨૭ નવેમ્બર, ૨૦૧૩, બુધવાર; કારતક વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# જીલ્લાની બેંકોની ડિપોઝીટોમાં વિક્રમી ઘટાડો

## ક્રેડીટ ડિપોઝીટ રેસિયો ૪૭ ટકા નોંધાયો; ધિરાણોમાં ૩૫૦ કરોડથી પણ વધુનો વધારો : ફાઈનાન્સીયલ ઇન્ક્લુઝનમાં તેમજ સ્વરોજગારીની યોજનાઓના ધિરાણમાં બેંકોના ઉદાસીન વલણ સામે કલેક્ટરની લાલ આંખ

ગાંધીનગર, તા. ૨૬

મંદીની તીવ્ર અસરોમાં ગાંધીનગર જિલ્લાનું અર્થતંત્ર લપેટાયું છે. ગાંધીનગર જિલ્લાની બેંકોની ડિપોઝીટોમાં રૂ. ૧૨૦૦ કરોડથી વધુનો ઘટાડો નોંધાયો છે જો કે ધિરાણોમાં રૂ. ૩૯૦ કરોડનો વધારો થતાં જિલ્લાનો ક્રેડીટ ડિપોઝીટ રેસિયો ૪૭ ટકા થવા પામ્યો છે.

સપ્ટેમ્બર-૨૦૧૩ અંતિત બેંકો દ્વારા થયેલ કામગીરીની સમીક્ષા માટે આજે જિલ્લા કલેક્ટર શ્રી પી. સ્વરૂપના અધ્યક્ષપદે મળેલ જિલ્લા બેંકર્સ કમિટીની બેઠકમાં આ હકીકતો બહાર આવી છે.

આજે મળેલી આ બેઠકમાં ધિરાણો વધ્યા પણ સ્વરોજગારીની યોજનાઓના ધિરાણમાં બેંકોના ઉદાસીન વલણ તેમજ ફાયનાન્સીયલ ઈન્કલુઝનમાં બેંકો દ્વારા આર.બી.આઈ.ની ગાઈડલાઈનનું ચુસ્તતાપૂર્વક અમલીકરણ ન કરાતુ હોવા સામે જિલ્લા કલેક્ટરશ્રીએ સખ્ત નારાજગી વ્યક્ત કરી હતી.

ડિપોઝીટોમાં નોંધાયેલા ઘટાડો વિક્રમજનક છે અને તે મંદીની અસરો કેટલી તીવ્ર છે તેનો સંકેત આપી રહેલ છે. જો કે બેંકો ગત વર્ષની તુલનામાં ડીપોઝીટ્સ વધી હોવાની હકીકતો રજુ કરી મંદીની અસરો નથી તેવો બચાવ રજુ કરી રહી છે. પરંતુ કડવી વાસ્તવિકતા છે કે ડિપોઝીટમાં રૂ. ૧૨૦૦ કરોડનો ઘટાડો થયો છે. ગત વખતે રૂ. ૭૦૦ કરોડનો ઘટાડો નોંધાયો હતો જે પણ ઉલ્લેખનીય છે.

જિલ્લા કલેક્ટરશ્રી સમક્ષ બેંકોએ અર્થતંત્રનું ગુલાબી ચિત્ર રજુ કરવાની ભારે મહેનત કરી હતી. બેંકોએ ધિરાણ પ્લાનના ૫૩ ટકા જેટલું ધિરાણ કરી આગવી સિદ્ધિ મેળવી છે. આ બેઠકમાં રજુ થયેલ વિગતો મુજબ કૃષિક્ષેત્રે ધિરાણ રૂ. ૫૬૧ કરોડ જેટલુ શૈક્ષણિક લોન રૂ. ૭ કરોડથી વધુનું ધિરાણ, હાઉસીંગક્ષેત્રોમાં ધિરાણ ૭૭.૮૬ કરોડ જેટલું કરવામાં આવ્યું છે.

મળતી વિગતો મુજબ ખાનગી બેંકો, રાષ્ટ્રીયકૃત બેંકોમાં અને સહકારી બેંકોમાં ડિપોઝીટ ઘટવા પામી છે.

આજની આ બેઠકમાં બેંકોએ જણાવ્યું હતું કે ગત વર્ષની તુલનામાં ધિરાણ ક્ષેત્રમાં ૪૦ ટકાથી પણ વધુનો વધારો થવા પામ્યો છે.

જિલ્લા કલેક્ટરશ્રી ડૉ. સ્વરૂપે સમીક્ષા દરમ્યાન રાજ્ય સરકારની સ્વરોજગારીની યોજનાઓ જે છે જેવી કે એસ.જે.એસ.આર.વાય., બાજપાઈ બેંકેબલ યોજના, મહિલા નિગમની વિવિધ યોજનાઓ, પ્રધાનમંત્રી સ્વરોજગાર યોજનામાં બેંકોના ઉદાસીન વલણની આકરી ઝાટકણી કાઢી હતી. તેમણે જણાવ્યું હતું કે બેંકો આ કામગીરી માટે નકારાત્મક વલણ છોડે તેમજ અરજીઓના ઝડપી નિકાલ પર લક્ષ્ય આપે.

● અનુસંધાન પાન-૭ પર



ટ્રાફીક ઝુંબેશ - ગાંધીનગર ટ્રાફીક પોલીસ દ્વારા છેલ્લા ઘણા સમયથી ટ્રાફીક નિયમન માટેની ઝુંબેશ હાથ ધરવામાં આવી છે... મુખ્યમંત્રીની સલામતીને ધ્યાનમાં રાખતા તેમના રૂટમાં આવતા તમામ માર્ગો પર આજે ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી અને ટ્રાફીકના નિયમોનું ઉલ્લંઘન કરનાર દ્વિચક્રી અને ફોર વ્હીલરના વાહન ચાલકોનું ચેકીંગ કરી દંડ ફટકાર્યો હતો. આ ઉપરાંત ખાસ સલામતીના મામલે પણ ચેકીંગ સઘન બનાવવામાં આવ્યું હતું અને દરેક વાહનચાલકોની ઝીણવટભરી તપાસ કર્યા બાદ જ જવા દેવામાં આવતા હતા. (તસવીર : દિપક જાની)

# જુસિકાને વધુ એક વર્ષ મુકિતધામનું સંચાલન સોપાયું : અનુદાનમાં પણ વધારો

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર મહાનગરપાલિકાની આજે મળેલ સ્થાયી સમિતિએ મુકિતધામના સંચાલન માટે જુનિયર સીટીઝન કાઉન્સીલની મુદતમાં એક વર્ષના વધારા સાથે સંસ્થાને સંચાલન માટે અપાતા અનુદાનમાં રૂ. ૯ હજારનો વધારો કરવાનો નિર્ણય કર્યો છે.

જુનિયર સીટીઝન કાઉન્સીલ દ્વારા મુકિતધામના સંચાલનમાં અપાતી અનુદાનની રકમમાં વધારો કરવા સાથે મુદતમાં વધારો કરવા માટે કરેલી રજુઆતના સંદર્ભે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન શ્રી આશિષ દવેની અધ્યક્ષતામાં આજે મળેલ બેઠકમાં લેવાયેલ નિર્ણય મુજબ જુનિયર સિટીઝન કાઉન્સીલે હવે દર ત્રણ માસના અંતે સંચાલનના ખર્ચ અંગેના હિસાબો રજુ કરવાના રહેશે.

આજે મળેલ આ બેઠકમાં 'વેસ્ટ કલેકશન બીન'ના નમૂના યોગ્ય ગુણવત્તા ધરાવતા ન હોવાથી તે ના મંજૂર કરી અને આ માટે રિટેન્ડરીંગ કરવાનો પણ નિર્ણય લીધો છે.

સ્ટેન્ડીંગ કમિટીની આ બેઠકમાં પી.એ.બી. એકસ જોડાણ અંગેના બિલોને મંજૂરી આપવામાં આવી હતી.

આજની આ બેઠકમાં મુકિતધામની મુદતમાં વધારો કરવા અંગેનો નિર્ણય સર્વાનુમતે લેવામાં આવ્યો હતો.







તસવીર : કુંતલ નિમાવત

સ્પેશિયલ ઓલિમ્પિકસના ઉપક્રમે ગુજરાત રાજ્યના ૩૧ માનસિક વિશિષ્ટ ખેલાડીઓ ૮ કોચ તા. ૨૭ નવેમ્બરના રોજ એશિયા - પેસીફિક ગેમ્સમાં ભાગ લેવા માટે ઓસ્ટ્રેલિયા જઈ રહ્યા છે, જેમને આજે રાજ્ય સરકાર દ્વારા સંપૂર્ણ આર્થિક સહાયના ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું. રમત - ગમત અને યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગનાં મંત્રી શ્રી રમણલાલ વોરાના હસ્તે સ્વર્ણિમ સંકુલ, ગાંધીનગર ખાતે આ ચેક ખેલાડીઓ તથા કોચને અર્પણ કરવામાં આવ્યા હતા તે પ્રસંગે લેવામાં આવેલી તસવીરો.

# સચિવાલય સંકુલમાં જ સુરક્ષાનું ગાબડુ પકડાયું

## જિલ્લા પોલીસ વડાએ છટકું ગોઠવી શસ્ત્રો અને લાકડીઓ મૂકી મોકલેલી ગાડી પકડવામાં નિષ્ફળ રહેલ બે પી.એસ.આઈ.ને મોડી સાંજે સસ્પેન્ડ કરાયા

ગાંધીનગર, તા. ૨૬

સલામતીની દષ્ટિએ હાઈપ્રોફાઈલ ગણાતા તથા સચિવાલયની સુરક્ષા વ્યવસ્થામાં મોટુ ગાબડુ હોવાનું સ્પષ્ટ થયું છે. હથિયાર ભરેલા ખાનગી વાહને સચિવાલય સંકુલમાં બેરોકટોક પ્રવેશ મેળવી લેતા ખુદ જિલ્લા પોલીસ વડાએ જ ગોઠવેલા આ છટકામાં ફરજ પરના બે પોલીસ સબ ઈન્સ્પેકટરોની ભારોભાર બેદરકારી બદલ તાત્કાલિક સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. હાલ મુખ્યમંત્રીની સુરક્ષા વ્યવસ્થાને સઘન બનાવવા પોલીસ તંત્ર એલર્ટ મોડમાં છે ત્યારે જ હાઈપ્રોફાઈલ સચિવાલય સંકુલની સલામતી વ્યવસ્થામાં મસ મોટુ છીંડુ હોવાનું પ્રકાશમાં આવ્યું છે. બે પી.એસ.આઈ.ને સસ્પેન્ડ કરવાના આદેશ થતા સમગ્ર પોલીસ બેડામાં પણ સન્નાટો મચી જવા પામ્યો છે.

સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર હાલ રાજ્યમાં મુખ્યમંત્રીની સુરક્ષાની ચકાસણી અર્થે ઉચ્ચસ્તરીય અધિકારીઓ દ્વારા વિવિધ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. સુરક્ષામાં કોઈ ચૂક ન રહે તેમાં મુખ્યમંત્રી નિવાસ સ્થાનથી લઈ છેક અમદાવાદ એરપોર્ટ સુધીના માર્ગ પર તમામ સ્થળોએ તેમજ હાઈ પ્રોફાઈલ ગણાતા સચિવાલય સંકુલમાં પણ અનેક તબક્કે ચકાસણી કરવામાં આવે છે. ત્યારે આજે ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા સચિવાલયની સુરક્ષાને લઈ એક અનોખો પ્રયોગ હાથ ધરવામાં આવ્યો હતો. જેમાં મસ મોટુ ગાબડુ પકડાઈ ગયું હતું. ગાંધીનગર જિલ્લા પોલીસ વડાએ ગતરોજ મુખ્યમંત્રીના રૂટમાં બંદોબસ્ત દરમિયાન ઓચિંતુ ચેકીંગ હાથ ધરી બે પોલીસ કર્મીઓ ગેરહાજર જણાતા તેમને રૂ. ૫-૫ હજારનો દંડ ફટકાર્યો હતો. જ્યારે આજે સુરક્ષાની ચકાસણી માટે સાંજે ચાર કલાકના સમયે એક છટકુ ગોઠવવામાં આવ્યું હતું. જેમાં એક ખાનગી કારમાં કેટલાક હથિયારો અને લાકડીઓ ભરી તેને સચિવાલય સંકુલ મોકલી હતી. જ્યાં ફરજ પરના બે પી.એસ.આઈ. આઈ.ડી. રાઠોડ અને એન.આર. કોટવાલ કોઈપણ પ્રકારના ચેકીંગ કર્યા વગર હથિયારો અને લાકડીઓ ભરેલી કારને સચિવાલય સંકુલમાં જવા દેતા સુરક્ષામાં ગાબડુ પકડાઈ ગયું હતું. સચિવાલય જેવા હાઈ પ્રોફાઈલ ગણાતા સંકુલમાં ફરજ પરના અધિકારીઓ દ્વારા આટલી મોટી ભૂલ પકડાઈ આવતા ફરજ પરના બન્ને પી.એસ.આઈ. આઈ. ડી. રાઠોડ તેમજ એન.આર. કોટવાલને સસ્પેન્ડ કરવામાં આવતા સમગ્ર પોલીસ બેડામાં પણ સન્નાટો મચી ગયો છે.


# અભિનંદન







**મા.શ્રી નરેન્દ્રભાઈ મોદી**
મુખ્યમંત્રીશ્રી,
ગુજરાત રાજ્ય

**શ્રીમતી ભારતીબેન શુક્લ**
ડીરેક્ટરશ્રી
ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ

**મા.શ્રી આનંદીબેન પટેલ**
મહેસુલ મંત્રીશ્રી
ગુજરાત રાજ્ય

ગુજરાતના લોકપ્રિય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી અને મહેસુલ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના આશીર્વાદ તથા ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પદાધિકારીઓ દ્વારા ગાંધીનગર મહાનગર ભાજપ મહિલા મોરચાના પૂર્વ પ્રમુખ શ્રીમતી ભારતીબેન શુક્લની ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમના ડીરેક્ટર પદે થયેલ નિમણુંકને અંતરના ઉમળકાથી વધાવીએ છીએ.. અમારા ભારતીબેનને અભિનંદન અને શુભેચ્છાઓ....

લી.

**જ્યોતિબેન બગડા** (સદસ્ય, રાષ્ટ્રીય કારોબારી ભાજપ મહિલા મોરચો)
**રસીલાબેન રાજ** (મંત્રી, ગાંધીનગર મહાનગર ભાજપ)
**ઉષાબેન પાંચાણી** (મંત્રી, મહાનગર ભાજપ મહિલા મોરચો)
**ગીતાબેન કે. પ્રધનાની** (કારોબારી સભ્ય, મહાનગર ભાજપ)
**ભાવનાબેન સોલંકી** (કારોબારી સભ્ય, મહાનગર ભાજપ મહિલા મોરચો)
**રેખાબેન કામાણી** (વોર્ડ પ્રમુખ)
**સવિતાબેન ઠાકોર** (વોર્ડ મહામંત્રી, ભાજપ મહિલા મોરચો)
**સરોજબેન ઠાકોર** (કારોબારી સભ્ય, મહાનગર ભાજપ મહિલા મોરચો)
**મણીબેન દેસાઈ** (ઉપપ્રમુખ, ગાંધીનગર મહાનગર ભાજપ)
**સરોજબેન મહેરા** (મહામંત્રી, મહાનગર ભાજપ મહિલા મોરચો)
**કૈલાસબેન કે. લખવારા** (મંત્રી, મહાનગર ભાજપ યુવા મોરચો)
**પીન્કી આર. વોરા (જૈન)** (મંત્રી, વોર્ડ-૯ ભાજપ)
**ભાવનાબેન પાઠક** (પૂર્વ વોર્ડ પ્રમુખ)
**સાધનાબેન પટેલ** (મંત્રી, મહિલા મોરચો, મહાનગર ભાજપ)
**નિહારીકા સોલંકી** (ઉપપ્રમુખ, ભાજપ મહિલા મોરચો)



R WORLD BIG Cinemas





R World BIG Cinemas, Ahmedabad-Mehsana Highway, Adalaj
Gori Tere Pyar Mein (U/A) - 12.15 & 6.45 pm
Singh Saab The Great (U/A) - 3.30 & 10.00 pm
Ram Leela (U/A) - 10.00 am, 1.00, 4.00, 7.00 & 10.15 pm
*schedule subject to change
telebooking 09601553030
www.bigcinemas.com
facebook.com/BigCinemasIndia



LED, LCD & Colour TV રીપેરીંગ
**સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ**
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨૮૭૧૧૫
મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬, ૯૪૨૬૨ ૭૦૪૮૧


# ડે. મેયર અને સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનને હવે વિકાસ કામો માટે ૨૫ લાખ રૂ. મળશે

## સ્થાયી સમિતિની બેઠકમાં ભાજપના સભ્યનો વિરોધ : બેઠકમાં સફાઈ-મિલ્કત વેરાના પ્રશ્નો અંગે પણ ચર્ચા : વિકાસ કામોની મંજૂરીનો મુદ્દો પણ ચર્ચાયો

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર મહાનગર પાલિકામાં ડે. મેયર અને સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેનને વિકાસ કામો માટે રૂ. ૨૫-૨૫ લાખ ફાળવવાનો નિર્ણય ક્ષણિક વિરોધ વચ્ચે સર્વાનુમતે સ્ટેન્ડીંગ કમિટીની બેઠકમાં કરવામાં આવ્યો હતો. પાછળથી કોંગ્રેસ પક્ષના નેતા શ્રી ચીમનભાઈ વિંઝુડાએ આ નિર્ણયનો વિરોધ કરતાં જણાવ્યું હતુ કે બજેટ વખતે અમારા વિરોધને ધ્યાને લીધા સિવાય બહુમતિના જોરે કરાયેલો નિર્ણય ફેરવી તોળવાની સત્તાધીશોને ફરજ પડી છે.

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડીંગ કમિટીની ચેરમેન શ્રી આશિષ દવેની અધ્યક્ષતામાં મળેલ બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

આજે મળેલ બેઠકમાં મેયરની ગ્રાન્ટમાંથી આ રકમ આ બે પદાધિકારીઓને ફાળવવા માટેની દરખાસ્ત રજુ થઈ હતી. બેઠકમાં ચર્ચા દરમ્યાન ભાજપના શ્રી સંદીપ જ્યોતિકરે આ અંગે ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો.

પ્રાપ્ત થતી વિગતો મુજબ શ્રી જ્યોતિકરે વિરોધ કરતાં જણાવ્યું હતું કે બી.પી.એમ.સી. એક્ટમાં આવી જોગવાઈ નથી. આ બે પદાધિકારીઓને અન્ય ગ્રાન્ટમાંથી નાણાં ફાળવી શકાય અથવા મનપા તેના ફંડમાંથી આ જોગવાઈ કરે.

ભાજપના સભ્ય દ્વારા જ આ બાબતનો વિરોધ થતાં એક તબક્કે સભામાં સન્નાટો છવાઈ જવા પામ્યો હતો. કોંગ્રેસ પક્ષના સભ્યોએ મૌન ધારણ કરી લીધુ હતુ. જો કે આ પછી પરિસ્થિતિ વણસે તે પૂર્વે જ ચેરમેન શ્રી આશિષ દવેએ આ દરખાસ્ત મત પર મુકવાનું કહેતાં બધાજ સભ્યોએ સર્વાનુમતે તે મંજૂર કર્યું હતું.

આજની બેઠકમાં સભ્યોને તેમના વિસ્તારમાં ફાળવવામાં આવતી વિકાસ ગ્રાન્ટના ઉપીયોગ અંગે મંજૂરી નહિ મળતી હોવા અંગે પણ ઉગ્ર રજુઆતો થઈ હતી.

આ બેઠકમાં શહેરની સ્વચ્છતાના મુદ્દે પણ તીવ્ર ચર્ચાઓ થઈ હતી. જો કે સફાઈ કામદારોની ઘટ હોવાનો તંત્રના અધિકારીઓએ પહેલીવાર એકરાર કર્યો હતો પરંતુ હવે સફાઈ પર પુરતુ લક્ષ આપવામાં આવશે તેવી હૈયાધારણ પણ આપી હતી.

● અનુસંધાન પાન-૭ પર